CHARITABLE FOUNDATION
AN INITIATIVE TO CREATE A COMMUNITY OF 'RISHEY'

# ચિત્ત THE CONSCIOUS BEING

JUNE 2025

## સંપાદકીય

**નવો આરંભ: મારા શિક્ષક મિત્રો માટે એક સંદેશ**

જેમ વરસાદના પહેલા ટીપાં જમીન પર પડવા લાગ્યા છે, તેમ નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત આપણાં દરવાજે આવી ગઇ છે. ચમકતી પેન્સિલો, તેજસ્વી આંખો અને જિજ્ઞાસુ મન સાથે આપણા વર્ગખંડ ફરી એકવાર જીવંત બનવા તૈયાર છે. આપણે ફક્ત પાઠ નથી શીખવતા, આપણે સપનાઓ બાંધીએ છીએ, જીવન ઘડીએ છીએ. દરેક દિવસ એક અવસર છે – કોઇ બાળકના મનમાં દીવો પ્રગટાવાનો. આ વર્ષે ધીરજ, પ્રેમ અને વિશ્વાસ રાખીએ દરેક બાળક માટે. કેટલાંક દિવસો પડકારજનક હશે, તો કેટલાંક યાદગાર—પણ દરેક ક્ષણ મહત્વપૂર્ણ હશે.

ચાલો, એકબીજાને સહારો આપી, એકતા સાથે કાર્ય કરીએ. આ વર્ષ શિક્ષણને આનંદમય, અર્થપૂર્ણ અને પ્રેરણાદાયક બનાવીએ. પ્રત્યેક નાની સફળતાને ઉજવીએ અને દરેક અડચણમાંથી કંઇક નવું શીખીએ. શિક્ષક હોવાની આ યાત્રા ફરીથી શરૂ કરીએ – ઉત્સાહ અને આશાથી ભરેલી.

આ નવા વર્ષ માટે શુભેચ્છાઓ—જ્યાં અવિરત આશાઓ અને અનંત સંભાવનાઓ છે!

# વાર્તા રે વાર્તા....

### એક શિક્ષકનો વારસો –

શહેરની એક જૂની શાળામાં વિદ્યાર્થીઓ માટે સમારંભ યોજાયો હતો. એ શાળાના એક જાણીતા અને સિદ્ધ શિક્ષક શ્રીમતી શાંતિબેન હાલ નિવૃત્તિના આરે હતા. વર્ષો સુધી શિક્ષણ આપ્યા પછી, આજે છેલ્લી વાર એ શાળા આવી રહ્યા હતા—શિક્ષક તરીકે નહીં, એક પ્રેરણારૂપ મિત્ર તરીકે.

વિદ્યાર્થીઓમાં ઉમંગ હતો. ઘણા વર્ષો પછી, દરેક પોતાના બાળપણની યાદો લઈને શાળામાં આવ્યા હતા. કોઈ ડૉક્ટર બન્યા હતા, કોઈ વકીલ, કોઈ કલાપ્રેમી, તો કોઈ અધ્યાપક. બધાએ પોતાનાં જીવનના સંઘર્ષ અને સફળતાના અનુભવો શિક્ષક સાથે વહેંચ્યા.

સમારંભ પૂરો થયો. અંતે એક વિદ્યાર્થી, જે હાલ ઉધોગપતિ છે,એ પૂછે છે:

"મેમ, તમે જેટલું બધું શીખવ્યું, જેટલા વર્ષો આપે શિક્ષણ આપ્યું—એ બધું આપવા પાછળ તમે શું મેળવ્યું?"

શાંતિબેન હળવું સ્મિત આપે છે. થોડી ક્ષણો માટે મૌન રાખે છે. અને પછી ધીરે ધીરે કહે છે:

"જ્યારે હું મારા ઘરમાં બેઠી છું અને ખબર પડે છે કે મારા વિદ્યાર્થીઓ દુનિયાની જુદી જુદી જગ્યાએ ઉજાસ પથારી રહ્યા છે—એજ મારી કમાણી છે."
"હું તમારાં વિચારોથી, તમારાં કાર્યોથી જીવતી રહીશ—even when I'm not around. કારણ કે સાચા શિક્ષક પોતાની છાપ છોડે છે—કાગળ પર નહીં, મન પર."

આ સાંભળીને અનેક વિદ્યાર્થીઓની આંખોમાં આંસુ આવી જાય છે. તેઓ સમજે છે કે એક શિક્ષક ફક્ત પાઠ નથી શીખવતો, પણ જીવન માટેનો દિશાસૂચક તારો હોય છે.

## એન જે ડેસ્ક પર ઈ-કન્ટેન્ટ

અધ્યયન માટેનું દિશાદર્શન અને યોગ્ય વાતાવરણનું નિર્માણ જરૂરી સૂચનો દ્વારા વિદ્યાર્થીઓને જાતે શીખતાં કરવું એ એક ઉદ્દેશ છે.



- મે માસમાં આપેલ વિષયવસ્તુ એન જે ડેસ્ક પર અપલોડ કરવામાં આવ્યું છે.

**સમગ્ર અધ્યયન સામગ્રીની ઝલક નીચે દર્શાવી છે:**

| Subject | Video Count | Timing |
|---|---|---|
| COMPUTER | 55 | 04:08:28 |
| ENGLISH | 09 | 01:13:19 |
| MATHS - MELA | 18 | 01:12:16 |
| SCIENCE | 16 | 01:33:02 |
| આનંદદાયી ગણિત | 25 | 01:39:46 |
| ડેટા પ્રવેશની પ્રક્રિયાઓ | 03 | 00:17:46 |
| **Grand Total** | **126** | **10:04:37** |

આ વિડીયો બનાવવાનું કાર્ય અવિરતપણે ચાલતું જ રહે છે, જેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓને મદદરૂપ થઇ શકાય અનેક વિદ્યાર્થીઓ પોતાની ઝડપે, પોતાના સમયે શીખતાં રહે.

## મનને ગમતાં સમાચાર

### બિહારની શિક્ષિકા 'મમતા કુમારી'નું આંતરરાષ્ટ્રીય મંચ સુધીનું સફર

બિહારના પટણા નજીકની એક સરકારી શાળામાં કાર્યરત મધ્યમ વર્ગની શિક્ષિકા મમતા કુમારી આજે આખી દુનિયામાં ચર્ચાનો વિષય બની છે. તેમણે વિદ્યાર્થીઓ માટે શીખવાનો આનંદદાયક માહોલ તૈયાર કરવા માટે સર્જનાત્મક અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પદ્ધતિઓ અપનાવી હતી. પરિણામે, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી વધી અને શૈક્ષણિક પરિણામોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.

મમતાકુમારીની આ નવીનતા એટલી અસરકારક સાબિત થઈ કે તેમને કેન્યામાં યોજાયેલી Schools2030 Global Forum (જૂન 2025) માટે આમંત્રિત કરવામાં આવ્યા—જ્યાં 10 દેશોના શિક્ષકોએ સાથે મળીને શિક્ષણમાં નવી દિશાઓ અંગે ચર્ચા કરી.

તેમની સફર એ બતાવે છે કે જો આશય શુદ્ધ હોય અને રીત નવીન હોય, તો નાના ગામમાંથી પણ કોઈ આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચી શકે છે.



## વાંચવું ગમશે...

- **The Wild Card ( seven steps of an educator's creative breakthrough)**
  **- Hope & Wade King**
- **Move your Bus**
  **- Ron Clark**

## એક ચપટી પ્રેરણા

**"Without courage, we cannot practise any other virtue with consistency. We can't be kind, merciful, generous, or honest."**

- **Unknown**

